# વહાલ વાવી જોઈએ

–ગૌરાંગ ઠાકર

**.1.**

ચાલને, માણસમાં થોડું વહાલ વાવી જોઈએ,
ને પછીથી વાડ થઈ વેલા ટકાવી જોઈએ.

બસ, બને તો એક દીકરાને મનાવી જોઈએ,
એ રીતે ઘરડાંઘરો ખાલી કરાવી જોઈએ.

કેવી રીતે જળ અહીં આંસુ બને તે જાણવા,
વ્હાલસોયી દીકરી ઘરથી વળાવી જોઈએ.

કાખઘોડી લઈ અહીં ચાલે નહીં સંબંધ, દોસ્ત,
એકબીજાના ખભે એને ચલાવી જોઈએ.

બહુ સરળતાથી જગત જીતી જવાતું હોય છે,
આપણી આ જાતને પહેલાં હરાવી જોઈએ.

**.2.**

એક તો તારો મને પર્યાય દેખાતો નથી,
ને ઉપરથી તું સરળતાથી અહીં મળતો નથી.

તું હવે વરસાદ રોકે તો હું સળગાવું ચુલો,
રોટલો આ છત વગરના ઘરમાં શેકાતો નથી.

ફુંક મારી તું હવાને આટલી દોડાવ ના,
ધુળ છે કે મ્હેક એનો ભેદ પરખાતો નથી.

એક માણસ ક્યારનો આંસુ લુછે છે બાંયથી,
આપણાથી તોય ત્યાં રુમાલ દેવાતો નથી.

ડાળથી છુટ્ટું પડેલું પાંદડું પુછયા કરે,
વૃક્ષ પરનો એક ટહુકો કેમ ભુલાતો નથી ?

ભીતરી આખી સફર પર ચાલવાની છે મજા,
એકલા બસ આપણે એ ભીડનો રસ્તો નથી.

**.3.**

એક મોકો મેં ગુમાવ્યો, કોઈને ક્હેશો નહીં,
હું મને ના ઓળખાયો, કોઈને ક્હેશો નહીં.

આંખને બદલે હૃદયથી એ મને વાંચી ગયો,
મેં અભણ એને ગણાવ્યો, કોઈને ક્હેશો નહીં.

શબ્દ કેવળ દૃશ્યથી કૈં શ્લોક થઈ જાતો નથી,
ક્રૌંચવધ હું જોઈ આવ્યો, કોઈને કહેશો નહીં.

બસ ખુશીથી જાળમાં એ માછલી કુદી પડી,
જીવ પાણીથી ધરાયો, કોઈને કહેશો નહીં.

આયનો પ્રતીબીંબ મારું જોઈને બોલ્યો હતો,
જાતમાં તું ભેરવાયો, કોઈને ક્હેશો નહીં.

એક વેળા ઈશ્વરે પુછયું તને શું જોઈએ ?
માગવામાં છેતરાયો, કોઈને ક્હેશો નહીં.

**.4.**

જે ઘડી બે હાથનો ખોબો થયો,
ત્યારથી આ જીવનો સોદો થયો.

ત્યાં હવાની હેસીયત બીલકુલ નથી,
જો ગઈ જળમાં તો પરપોટો થયો.

મોભ થઈ માથે સતત રહેતો હતો,
એ જ માણસ ભીંત પર ફોટો થયો.

બાગ પરણાવે પવનથી મ્હેંકને
જાણે કન્યાદાનનો મોકો થયો.

કોઈને નાનો ગણે તો માનજે,
એટલો તારો અહમ મોટો થયો.

## .5.

પડઘાની વાત છોડો, પણ બુમ તો પડાશે,
ખુદને મળી જવાનું, વાતાવરણ રચાશે.

ઘરડાં થયેલા વૃક્ષે, ફુટપાથને કહ્યું કે,
મારાથી છાંયડો નહી, બસ બાંકડો થવાશે.

અત્તરની પાલખી લઈ, ઉભો હશે પવન, પણ,
તારાથી દોસ્ત કેવળ, બારી સુધી જવાશે ?

દીવાનગીનો ફાળો ઓછો નથી પ્રણયમાં,
હારી ગયાં કે જીતી, બન્ને ભુલી શકાશે.

મીત્રો, તમે જવાદો, આ ભાગ્યની છે પીડા,
પાણીમાં માછલીનાં આંસુ નહીં લુછાશે.

## .6.

લ્યો, દીવાની આબરુ જળવાઈ ગઈ,
દ્વાર પર આવી હવા ફંટાઈ ગઈ.

ફુલની ફોરમ બધે ચર્ચાઈ ગઈ.
માવજત માળીની બસ વીસરાઈ ગઈ.

વાંસળીને કાજ ક્યાંથી લાવશું ?
ફુંક તો ચુલા ઉપર વપરાઈ ગઈ.

કોણ પડછાયા ઉપાડી જાય છે ?
એ જ જોવા સાંજ પણ રોકાઈ ગઈ.

સોયમાં દોરાને બદલે બા હતી,
ગોદડીમાં હુંફ પણ સીવાઈ ગઈ.

મેં ગુમાવી એમ મારી મુગ્ધતા,
જેમ દરીયામાં નદી ખોવાઈ ગઈ.

.7.

તું એક વખત સઘળું લઈ લે, આ દર્દ હજારો શા માટે ?
આ પાન વગરનાં વૃક્ષો પર, આ ડાળનો ભારો શા માટે ?

હું શ્વાસ લઉં તારી જોડે, બીજે તો બધે બસ હાંફું છું,
આ ફુલ બગીચામાં ખુશ છે, અત્તરથી પનારો શા માટે ?

અવતાર મળ્યો છે ઝરણાંનો, સંભાળ હવે પર્વત લેશે,
તું મસ્ત રહે બસ વહેવામાં, પથ્થરમાં ઉતારો શા માટે ?

આ રાત પડી આડે પડખે, ને ચાંદ કરે ચોકીદારી,
કૈં લાખ સીતારા ચમકે છે, આ નભનો નજારો શા માટે ?

સૌ શ્વાસ લખાવી આવ્યા છે, બે–ચાર વધારે કે ઓછા,
પળવાર રહે ઝાકળ ફુલે, ઉપવનનો ઈજારો શા માટે ?

વીશ્વાસ ગયો માણસમાંથી, શ્રદ્ધા ય ખુટી ગઈ ઈશ્વરમાં,
અખબાર મળે લોહી છાંટી, એવી જ સવારો શા માટે ?

તું જાય મળી  મુજને પ્રીતમ, મંજુર નથી એ કારણથી,
*જે શોધમાં ગુમ થઈ જાવું હો, એ શોધનો આરો શા માટે ?

(* તરહી પંક્તી )

**.8.**

પહેલા અંદર પછીથી બ્હાર થશે,
એમ બદલાવ આરપાર થશે.

મત્સ્યને લાગે જો હવાની તરસ,
તો જ પાણીમાં ફેરફાર થશે.

ફુલ પાસે છે મ્હેંકની મીલ્કત,
શું પવન પણ પગારદાર થશે ?

ટોચ...પર્વતની ખીણ જોઈ ગઈ,
એ હવેથી ઈમાનદાર થશે.

જોઈ લેજે તું જાત જલદીથી,
માત્ર અજવાળું એકવાર થશે.

**.9.**

જેના પડછાયા વડે છાંયો પડ્યો,
પહેલાં એના પર અહીં તડકો પડ્યો.

દીકરા સાચે જ તું મોટો થયો,
બાપનો આ મહેલ પણ નાનો પડ્યો ?

રુપ તો સાબીત થશે પણ ગુણ વીશે ?
ફુલની ફોરમનો ક્યાં ફોટો પડ્યો ?

વાડ તો વેલા તળે ઢંકાઈ ગઈ,
ફુલ, ડાળી, પાનનો મોભો પડ્યો.

પાંખ પીંખાઈ અને પીંછાં ખર્યાં,
ક્યાં હવામાં એક પણ ગોબો પડ્યો ?

જળના જાણે શ્વાસ લાગી માછલી,
જાળ નાંખી હુંય છોભીલો પડ્યો.

શ્વાસનો ફુગ્ગો લઈ માણસ અહીં,
ટાંકણીના શહેરમાં ભુલો પડ્યો.

**.10.**

સાવ ખાલી મેં હથેળીને છુપાવી રાખી,
એ રીતે આબરુ ઈશ્વરની બચાવી રાખી.

તું પવન છે અને કુંકાય અહીં, માનું છું,
મેંય નીસબત પછી ખુશ્બુથી બનાવી રાખી.

ચારબાજુથી અહીં તીર સતત વરસે છે,
જીવવું કેમ આ ટહુકાને દબાવી રાખી ?

મ્યાન તલવાર કરી ત્યાં જ જગત જીતાયું,
જંગની એ જ છબી ઘરમાં મઢાવી રાખી.

કોઈ કારણ ન હતું તોય તમે વાત કરી,
એ જ કારણથી અમે વાત વધાવી રાખી.

**.11.**

આ જગત અમને ઝુકાવે વાતમાં કૈં દમ નથી,
પણ હૃદયના મામલે હારી જતાં નાનમ નથી.

સુખની કીંમત માણસે માણસમાં નોખી હોય છે,
ખારવાને માછલી મોતીથી સ્હેજે કમ નથી.

આ હવાની એક મર્યાદા જુઓ કાયમ રહી,
હરઘડી એ શ્વાસ બનવાને અહીં સક્ષમ નથી.

આ બધાં પ્રતીબીંબ અંદર બ્હારથી બદલાય બસ,
માત્ર દર્પણ વેચવાનો આપણો ઉપક્રમ નથી.

બસ તમે નક્કી કરી લ્યો, ઝુલવું કે ઝુરવું ?
એક પણ મોસમ તમારી ડાળ પર કાયમ નથી.

**.12.**

ભીડ સાથે ચાલવાનું, આપણાથી નહીં બને,
ને બધા જેવા થવાનું, આપણાથી નહીં બને.

તું હૃદય મારું તપાસી દોસ્તી કરજે અહીં,
જાતને શણગારવાનું, આપણાથી નહીં બને.

હું અઢી અક્ષરની વાતો જાણવા માંડ્યો બધી,
પણ તને સમજાવવાનું, આપણાથી નહીં બને.

તું ભલે વરસાદ જોજે બારીએથી દોસ્ત, પણ,
સાવ કોરા રહી જવાનું, આપણાથી નહીં બને.

આપણું અળગા થવું મંજુર રાખું પણ તને,
કાળજેથી કાપવાનું, આપણાથી નહીં બને.

મારી રીતે જીવને હું શીવ બનાવું છું પરંતુ;
રોજ પથ્થર પુજવાનું, આપણાથી નહીં બને.

**.13.**

જન્મ દઈ પહેરાવી ખુદની ચામડી,
રોજ સીવતી હુંફની બા ગોદડી.

એમ જોયું બા વગરનું ઘર અમે,
જળ ગયું ને કાંઠે રહી ગઈ નાવડી,

અમને ચાંચે ચણ ને પાંખે પીંછાં દઈ,
તું અચાનક કેમ બહુ ઊંચે ઊડી ?

જીવતી ગીતા હતી બા કૃષ્ણની,
કર્મથી એ ના કદી છુટી પડી.

સાવ સાદું ને સરળ જીવન જીવી,
એણે પગમાં પહેરી ન્હોતી પાવડી.

હે પ્રભુ, હર જન્મમાં આ બા મળે,
તું કહે તે રાખું બાધા .આખડી,

હું કવીતા શું લખું ‘ધનુબા’ વીશે,
લ્યો, મને ઓછી પડી બારાખડી.

(‘ધનુબા’– સ્વર્ગવાસઃ 14/10/2006)
કવીના ગઝલસંગ્રહઃ ‘વહાલ વાવી જોઈએ’માંથી સાભાર...

## ગૌરાંગ ઠાકર

સર્જન– પ્રથમ ગઝલસંગ્રહઃ ‘મારા હીસ્સાનો સુરજ’ પ્રકાશક અને વીક્રેતાઃ પોતે (સરનામું નીચે મુજબ), પ્રથમ આવૃત્તીઃ 2006, પૃષ્ઠઃ 68, મુલ્યઃ 50 રુપીયા

બીજો ગઝલસંગ્રહઃ ‘વહાલ વાવી જોઈએ’ પ્રકાશક અને વીક્રેતાઃ ‘સાહીત્ય સંગમ’, બાવા સીદી, પંચોલી વાડી સામે, ગોપીપુરા, સુરત–395 001, Phone: 0261-259 7882, 0261-259 2563, પ્રથમ આવૃત્તીઃ 2010, પૃષ્ઠઃ 80, મુલ્યઃ 60 રુપીયા

કવી–સમ્પર્ક – બી–103, શુકન એપાર્ટમેન્ટ, સહજધામ રો હાઉસ સામે, અડાજણ, સુરત–395 009 ફોનઃ ઘરે– 0261-273 5534, મોબાઈલ– 98257 99847
ઈ–મેઈલ: gaurang_charu@yahoo.com

(‘સન્ડે ઈ મહેફીલ’ના ગઝલઅંકોના સંપાદક અને ‘શયદા’ એવોર્ડ વીજેતા જાણીતા કવીશ્રી ગૌરાંગ ઠાકરના બીજા ગઝલસંગ્રહ ‘વહાલ વાવી જોઈએ’ નું તારીખ 9મી મે–2010ના રોજ મુર્ધન્ય સાહીત્યકાર શ્રી ભગવતીકુમાર શર્માના વરદ્ હસ્તે, શ્રી. નાનુભાઈ નાયકની ઉપસ્થીતીમાં સુરતમાં લોકાર્પણ થયું હતું. કવીશ્રી ડૉ. રઈશ મનીઆરે સંગ્રહનો તથા ગૌરાંગ ઠાકરના સર્જન વીશે સંતર્પક પરીચય આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન સાહીત્યકાર, પ્રકાશક શ્રી જનક નાયકે કર્યું હતું. આ સંગ્રહમાંની કેટલીક ગઝલો અહીં રજુ કરી છે. ‘સન્ડે ઈ–મહેફીલ’ના સંપાદકો અને વાચકો તરફથી ભાઈશ્રી ગૌરાંગને અભીનંદન)

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ:** છઠ્ઠું – **અંકઃ** 196 – July 18, 2010
**‘ઉંઝાજોડણી’**માં અને **‘શ્રુતી’** ફોન્ટમાં અક્ષરાંકનઃ **ઉત્તમ ગજ્જર** - uttamgajjar@gmail.com

&&&&&

# ‘લખે ગુજરાત’

ગુજરાત રાજ્યની સ્થાપનાને પચાસ વર્ષ થયાં. ‘સ્વર્ણીમ ગુજરાત’નો આ મહોત્સવ આખું વર્ષ ઉજવાશે. સાથે સાથે ‘વાંચે ગુજરાત’નું પણ એક જોરદાર અભીયાન ઉપડ્યું છે. આપણે તો 2005થી ‘સન્ડે ઈ–મહેફીલ’ મારફત ‘વાંચે ગુજરાત’ની ‘વાચનયાત્રા’ શરુ કરી જ છે ! આજે પંદર હજાર સરનામે તે પહોંચે છે. સાથે સાથે શ્રી રતીલાલ ચંદરયાએ ‘ગુજરાતીલેક્સિકોન’ મારફત લગભગ **45** લાખ શબ્દોનો વીશાળ શબ્દભંડોળ નેટ પર ઉપલબ્ધ કરાવી આપ્યો છે. આજ દીન સુધીમાં તેની લગભગ **55** લાખ મુલાકાતો નોંધાઈ ચુકી છે.

તો હવે ? આમ, ઈન્ટરનેટ પર મળતા રહેતા આપણ સૌ ‘ગુજરાતી’ મીત્રો વીશેષ શું કરી શકીએ ‘ગુજરાત’ અને ‘મા ગુર્જરી’ની સેવામાં ? આપણે સૌ સાથે મળી કમ્પ્યુટરના સ્ક્રીન પર ‘લખે ગુજરાત’ની ઝુમ્બેશ ઉપાડીએ તો ?

કમ્પ્યુટર પર કામ કરતો એકેએક ગુજરાતી ગુજરાતીમાં લખતો થાય તો તે ‘ગુજરાતીઓ’ની મોટી સીદ્ધી ગણાશે. ઘણા શીખ્યા જ છે; પણ હજી ઘણા બાકી છે. ‘રોમનાઈઝ્ડગુજરાતી’માં ક્યાંક બીજે લખીને, તેને ગુજરાતીમાં પરીવર્તીત કરીને, તેની કૉપી કરીને, અહીં પેસ્ટ કરવું પડે, એ ઝંઝટમાંથી મુક્તી મેળવવા અમે કમર કસીને તૈયારી કરી છે. તમે વીન્ડો એક્સપી, વીન્ડો સેવન કે એઈટ, કે વીસ્ટા કે એપલ–મૅક કંઈ પણ વાપરતા હો તો પણ તમે આમ જ, અહીં કર્સર મુકી, સીધું જ, બહુ સરળતાથી, યુનીકોડ

'શ્રુતિ' કે તમને જે ગમતા હોય તે ગુજરાતી યુનીકોડ ફોન્ટમાં અને દેવનાગરીમાં લખવું હોય તો 'મંગલ' ફોન્ટમાં લખી શકો છો.

હવે તમારે માત્ર http://lakhe-gujarat.weebly.com/ વેબ સાઈટ ખોલી, માત્ર બે કીબોર્ડ ડાઉનલોડ કરવાનાં છે. બધી સામગ્રી ત્યાં જ મુકી છે, ઈન્સ્ટોલેશન પ્રક્રીયાની સુચનાવાળી ચીત્રો સાથેની પીડીએફ અને કીબોર્ડના મેપીંગની પીડીએફ પણ ત્યાં મુકી છે. ડાઉનલોડ પર 'ક્લીક' કરો અને બેઠેબેઠે જોયા કરો. બધું જ આપોઆપ થતું જશે અને તમે ગુજરાતીમાં અને દેવનાગરીમાં પણ લખતા થઈ જશો.

ऐक बीजी वात. राष्ट्रभाषा हीन्दी के मराठी के संस्कृतमां लखवा माटे देवनागरी की-बोर्ड पण त्यां आप्युं ज छे. ते पण डाउनलोड करी राखवुं जरुरी छे. कंई ज अघरुं नथी. कारण, गुजराती अने देवनागरीनुं की-बोर्ड मेपींग तद्दन समान ज छे. जेम गुजरातीमां लखो, तेम ज लखता जवानुं. अक्षरो देवनागरीमां लखाशे. आ लख्युं छे तेम ज.

આ સુવીધા ઉપલબ્ધ કરી આપનાર હાલ ચેન્નાઈસ્થીત પણ મુળ સુરતના ભાઈ હીમાંશુ મીસ્ત્રી અને તેમને સદા પ્રેરણા આપનાર શ્રી રતીકાકાનો આભાર માનીએ.

કંઈ પણ તકલીફ જણાય તો તે વીશે કે તમારે કંઈક સુચનો કરવાં હોય તો, મને uttamgajjar@gmail.com પર જરૂર લખજો. ઈન્સ્ટોલ કરો કે કરાવો અને લખતા થઈ જાઓ ગુજરાતીમાં. તમે ગુજરાતીમાં લખતા નહીં થઈ જાઓ ત્યાં સુધી અમે તમારી સાથે જ રહીશું... ગુજરાતી/દેવનાગરીમાં લખતાં શીખેલો એક જણ, બીજા ઓછામાં ઓછા એક જણને લખતા શીખવે તેવું અમારું સ્વપ્ન છે..

**'જય ગુજરાતી'**

Uttam Gajjar, e-mail: uttamgajjar@gmail.com

More than 49,44,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 4,49,100 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 56,700 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

You too are invited to visit Gujaratilexicon with a new interface.

**'સન્ડે ઈ–મહેફીલ'** – **વર્ષ:** છઠ્ઠું – **અંક:** 196 – July 18, 2010

**'ઉંઝાજોડણી'**માં અને **'શ્રુતી'** ફોન્ટમાં અક્ષરાંકન: **ઉત્તમ ગજ્જર** - uttamgajjar@gmail.com